Managed by Keshod Kelavani Mandal

N.P. Arts and Commerce College, Keshod

Affiliated to Bhakta Kavi Narsinh Mehta University, Junagadh

Accreditation by NAAC with 'B' Grade

જય હિન્દ,

**એનસીસી આર્મીમાં નીતિ નિયમને ચુસ્તપણે અનુસરવા:**

**Permanent Instructor (PI) Staff દરેક પરેડમાં કેડેટની હાજરી પોતાની ડાયરીમાં નોંધશે.**

**કોઈપણ કારણસર જો કેડેટ પરેડમાં હાજર નહીં હોય તો તેમની હાજરી માન્ય રાખવામાં આવશે નહીં.**

**કોઈપણ અત્યંત જરૂરી રજા લેખિતમાં આપવાની રહેશે. એમની સાથે જરૂરિયાત ડોક્યુમેન્ટ જોડવા જરૂરી છે.**

**આપની 75 ટકાથી ઓછી હાજરી હશે તો એનસીસી કેમ્પ અટેન્ડ કરવા તેમજ પરીક્ષા આપવા માટે માન્ય રહેશે નહીં.**

**25 % ગેરહાજરી હોય તો કેડેટ એનસીસી કેમ્પ અને પરીક્ષા માટે માન્ય ગણાશે.**

**SY & TY કેડેટ વર્ષ દરમિયાન 35 પરેડ અટેન્ડ કરવાની હોય છે, જેમાંથી કેડેટ 9 પરેડ માં ગેરહાજર રહી શકશે.**

**FY કેડેટ વર્ષ દરમિયાન 30 પરેડ અટેન્ડ કરવાની હોય છે, જેમાંથી કેડેટ 8 પરેડ માં ગેરહાજર રહી શકશે.**

**પરેડમાં ગેરહાજરી માત્ર ત્રણ પરિસ્થિતિઓમાં જ માન્ય ગણવામાં આવશે: (૧) યુનિવર્સિટી દ્વારા આયોજિત કાર્યક્રમ કે સ્પર્ધામાં સક્રિય ભાગ લીધો હોય, (૨) સરકાર દ્વારા આયોજિત મહત્વપૂર્ણ પરીક્ષા આપવાની હોય, અને (૩) કોલેજ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો હોય. ઉપરોક્ત કોઇ પણ પરિસ્થિતિમાં પરેડ દરમ્યાન કરાવવામાં આવેલું વર્ક અવશ્ય છે અને તે કોલેજમાં પરેડના બીજા દિવસે હાજર રહીને પૂરું કરવું ફરજિયાત રહેશે. કોઇપણ કારણસર ગેરહાજરી માટે પૂર્વઅનુમતિ અને આધારભૂત પુરાવા જરૂરી છે. અન્ય કોઇપણ કારણ માન્ય ગણવામાં આવશે નહિ. આ નિયમોનો ભંગ કરનાર કેડેટ વિરુદ્ધ કડક શિસ્તપ્રધાન પગલાં લેવામાં આવશે. તમામ કેડેટોએ આ સૂચનાઓનું પાલન જવાબદારીપૂર્વક કરવું જરૂરી છે.**

પરેડ દરમિયાન કોલેજના અન્ય પ્રોગ્રામ કેડેટને અટેન્ડ કરવો જરૂરી હોય, તો પરેડ અને પ્રોગ્રામમાં હાજરી આપી સહી કરવી. PI Staff ની હાજરીમાં બટાલીયનના રજીસ્ટરમાં નામ લખી સહી કરવી, એ કેડેટની જવાબદારી રહેશે.

પરેડમાં હાજરી અનિવાર્ય છે. યોગ્ય એપ્લિકેશન લેટર વગર તમારી ગેરહાજરી માન્ય ગણાશે નહીં.

આકસ્મિક પરિસ્થિતિ, તાત્કાલિક કારણ અથવા બીમારી હોય તો — કેડેટએ એપ્લિકેશન લેટર લખી, વાલીની સહી કરાવી અને તેને ANO સાહેબને રૂબરૂ કોલેજમાં જમા કરાવવાનો રહેશે.

WhatsApp વ્યક્તિગત મેસેજ કે ફોન કોલ દ્વારા મોકલેલ માહિતી હાજરી તરીકે માન્ય ગણાશે નહીં.

કોઈપણ સિનિયર-રેંન્કડ કેડેટ્સ અથવા ANO સાહેબને વ્યક્તિગત મેસેજ કે બિનજરૂરી ફોન કરીને ડિસ્ટર્બ કરશો નહીં. જરૂર હોય તો કોલેજ પર રૂબરૂ ANO સાહેબને મળવું. જરૂરી માહિતી ગ્રુપમાં જ આપવામાં આવશે. કોઈપણ પ્રશ્નો રૂબરૂ કોલેજ પર આવીને ડિસ્કસ કરી શકો છો.

કોઈપણ કેડેટને કોઈ પ્રશ્ન હોય તો રૂબર કોલેજ પર મળવું. મેડીકલ ઇમર્જન્સી કેસમાં જરૂર જણાયતો મેસેજ ઇંગલિશ લેંગ્વેજ અથવા ગુજરાતી ભાષામાં વ્યવસ્થિત લખીને મોકલશો. આપનો પ્રશ્ન બરાબર હશે તો જ જવાબની અપેક્ષા રાખવી.

કેડેટને રજા માત્ર તે જ સ્થિતિમાં મંજૂર કરવામાં આવે છે, જ્યારે તેઓ ડૉક્ટરનું પ્રિસ્ક્રિપ્શન, આરામ કરવાની જરૂરિયાત દર્શાવતું ડૉક્ટરનું લેખિત પ્રમાણપત્ર તથા સાબિતી તરીકે મેડિસીન બિલ રજૂ કરે.

દર બુધવાર અને ગુરુવાર સવારે 08:45 વાગ્યે અચૂક પણે રૂમ નંબર 4 માં હાજર રહેવું. પરેડ નો સમય સવારે 09:00 થી 11:00 નો રહેશે ત્યારબાદ રિફ્રેશમેન્ટ 11:45 વાગ્યા પછી આપવામાં આવશે. બે વખતથી વધુ "લેટ કમિંગ" માન્ય રાખવામાં આવશે નહીં. સવારે 09:30 વાગ્યા પછી કોઈપણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. પરેડમાં ગેરહાજર મુકવામાં આવશે.

**આપની હાજરી સવારે 9:00 વાગ્યે ANO Lieutenant (Dr.) Y K Ramani દ્વારા લેવામાં આવશે.**

**સામાન્ય રીતે પરેડ ઓગસ્ટ થી જાન્યુઆરી મહિના સુધી ચલાવવામાં આવે છે. ફેબ્રુઆરી મહિનામાં સર્ટિફિકેટ બી (જુનાગઢ ખાતે) અને સી પરીક્ષા (રાજકોટ ખાતે) આયોજિત હોય છે.**

**SY & TYના તમામ કેડેટએ ફરજિયાત યુનિફોર્મમાં હાજર રહેવું. જે કેડેટ યુનિફોર્મમાં નહીં આવે તેની હાજરી લેવામાં નહીં આવે. FY કેડેટએ યુનિફોર્મ સપ્ટેમ્બર મહિના સુધીમાં ત્યાર કરવો ફરજિયાત છે.**

**હેર કટ અને ક્લીન શેવિંગની સાથે આવવું. સવારે 09:00 વાગ્યા પછી કોઈ કેડેટને પ્રવેશ અથવા હાજરી લેવામાં આવશે નહીં.**

**ફર્સ્ટ યર તમામ બોય્સ અને ગર્લ્સ કેડેટ્સ કોલરવાળા ટી-શર્ટ, ટ્રાઉઝર્સ (સિવિલ ડ્રેસ) અને સ્પોર્ટ્સ શૂઝ પહેરીને હાજર રેહશે.**

**NOTE: શર્ટ, જીન્સ પેન્ટ, સેન્ડલ અથવા ચપ્પલ પહેરીને ન આવશો.**

**બોય્સ કેડેટ્સએ આર્મી કટ હેર અને ક્લીન શેવિંગ ફરજિયાત છે અને ગર્લ્સ કેડેટ્સએ વાળ ખુલા કે અંબુડો ન રાખે, એન.સી.સી. સ્ટાઇલમાં વાળ ઓરવા.**

**PI Staff વગર એક પણ પરેડ માન્ય ગણાશે નહીં. આદેશનું પાલન કરવું અનિવાર્ય છે.**

**વોટ્સએપના ડિસ્પ્લે પિક્ચરમાં (DP) આપનો ફોટો રાખવો. Name અને About માં આપનું નામ અને સરનેમ લખવું. આ શરત સાથે જ આપને ગ્રુપમાં એડ કરવામાં આવશે. [Privacy – Profile Photo – About: Select Everyone]**

**બધા એન.સી.સી. કેડેટએ, એન.સી.સી. લેકચર માટે ૧ બુક બનાવવી ફરજિયાત છે, જે ૩ વર્ષ સુધી સાચવી શકાય.**

**આ બુકમાં એન.સી.સી.નું ગીત લખવું જરૂરી છે. આ બુક પરેડ દરમિયાન એન.સી.સી. B અને C પરીક્ષાની માહિતી નોંધવાની રહેશે.**

Managed by Keshod Kelavani Mandal

# N.P. Arts and Commerce College, Keshod

Affiliated to Bhakta Kavi Narsinh Mehta University, Junagadh

Accreditation by NAAC with 'B' Grade



MAJITHIYA NIKHIL
GUJ/SDA/23/325707

**એન.સી.સી. આર્મીની વર્દીમાં કેપ વગર વાઈટ બેગ્રાઉન્ડમાં ફોટો ક્લિક કરાવશો. આ ૬ પાસપોર્ટ સાઇઝના ફોટો એન.સી.સી. ઓફીસ પર સોફ્ટ કોપી (JPEG) અને હાર્ડ કોપીમાં જમા કરાવશો. (Mention Your Surname + Name & Regimental No.)**

**Click Photo at Khodiyar Studio Keshod (Mr. Raju – 9925645775)**

**સેકન્ડ યરના કેડેટે કમ્બાઇન્ડ એન્યુઅલ ટ્રેનિંગ કેમ્પ (CATC) અટેન્ડ કરવો ફરજિયાત છે.**

**થર્ડ યરના કેડેટે કોઈપણ એક આઉટ કેમ્પ કરવો જરૂરી છે. આ કેમ્પ માટે આપનું નામ રિકમેન્ડેશન કરવામાં આવશે, ત્યારે ફરજિયાત પણે કેમ્પમાં હાજર રહેવું.**

**કેમ્પ ન કરેલો હોય તો કેડેટ "બી" અથવા "સી" પરીક્ષા આપવા માટે એલીજીબલ નથી.**

| | |
|---|---|
| (RDC) Republic Day Camp | Mountaineering Courses |
| (TSC) Thal Sainik Camp | All India Trekking Expedition |
| (AAC) Army Attachment Camp | (EBSB) Ek Bharat Shreshtha Bharat |
| (ALC) Advance Leadership Camp | (RCTC) Rock Climbing Training Camp |

**"બી" અને "સી" પરીક્ષાના સર્ટિફિકેટ કેડેટ બટાલિયન ઓફિસ જુનાગઢથી રૂબરૂ જઈ મેળવી લેશો.**

**આ સર્ટિફિકેટ કેડેટ સિવાય બીજા કોઈ પણ વ્યક્તિને કોઈ પણ સંજોગોમાં આપવામાં આવશે નહીં.**

**સર્ટિફિકેટ મેળવતી વખતે કેડેટે આધાર કાર્ડ ઓરીજનલ હાર્ડ કોપીમાં બતાવવાનું રહેશે.**

**જે કેડેટએ કેમ્પ કરેલા છે એમના સર્ટિફિકેટની સોફ્ટ કોપી [Adobe Scan માં વ્યવસ્થિત સ્કેન કરી PDFમાં મોકલવી] એન.સી.સી. ઓફીસ પર જમા કરાવશો.**

**આ રીતના તમારી નેમ પ્લેટ બનાવવાની રહેશે.**
**For Example, Ramani Yogesh K - Regimental No. GJ2024SDIA1830340**

**એનસીસી કેડેટ નીચે આપેલ સ્પેશિયલ ડેની ઉજવણી માટે, કોલેજ પર ફરજિયાત હાજર રહેવું. આ દિવસની તમારી હાજરી ગણવામાં આવશે**

- Indian Army Day (15 January)
- Republic Day (26 January)
- International Yoga Day (21 June)
- Kargil Vijay Diwas (26 July)
- Independence Day (15 August)

**કોલેજ પર થતા કાર્યક્રમોમાં એનસીસી વોલન્ટિયર સર્વિસ દરેક કેડેટે ઓછામાં ઓછી બે વખત આપવાની રહેશે. આપેલ સર્વિસની નોંધ લેવામાં આવે છે.**

**Obey rules strictly and sincerely!** 👮🏻‍♂️

**ધન્યવાદ.**
**તમારા શ્રેષ્ઠ પ્રદાન માટે શુભકામનાઓ!**

**Lieutenant (Dr.) Yogesh Ramani**
**[Army Wing]**
**Associate NCC Officer**
**8 Gujarat Battalion NCC Junagadh**
**N P Arts & Commerce College Keshod (Junagadh)**
**[Affiliated to BKNM University]**
**9033883113**
**npcnccarmy@gmail.com**


जय हिंद
Lieutenant (Dr.) Yogesh Ramani
(Army Wing)
Associate NCC Officer
8 Gujarat Battalion NCC, Junagadh
N. P. Arts & Commerce College, Keshod (Junagadh)
Affiliated to Bhakta Kavi Narsinh Mehta University
9033883113
ykramani88@gmail.com